પંચાયતોના ઉપયોગ માટે સ્વભંડોળમાંથી
ખરીદવામાં આવતા વાહનોના પ્રકાર બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:વહન-૧૦૯૫-૨૪૬૨-(પા.ફા.૨)-જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૧-૨-૨૦૦૪.

**વંચાણે લીધા :**

**(૧) પં.અને ગ્રા. ગૃ.નિ.વિભાગનો તા.૩-૧૦-૯૬નો સમાન ક્રમાંકનો પરિપત્ર**
**(૨) નાણા વિભાગનો તા.૯-૯-૧૯૯૮ નો ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૮-૭૦૪(૫૮)-ઝ.૧**

**પરિપત્ર :-**

રાજયની જિલ્લા પંચાયતો / તાલુકા પંચાયતોના પદાધિકારીઓ, અધિકારીઓ તથા કોમનપુલ તરીકે ઉપયોગમાં લેવા માટેના વાહનો સ્વભંડોળમાંથી ખરીદવા માટેની મંજુરી માટેની દરખાસ્તો પંચાયતો તરફથી સરકારશ્રીમાં કરવામાં આવતી હોય છે. અને આ દરખાસ્તોમાં જુદા જુદા પ્રકારના વાહનો માટે માંગણી કરવામાં આવે છે. આથી વિવિધ પ્રકારનાં વાહનોની માંગણીઓને લીધે આવી દરખાસ્તોને મંજુરી આપવામાં મુશ્કેલી રહેતી હોય છે તથા પંચાયતોના વાહનોમાં એકસુત્રતા જળવાતી નથી.

નાણા વિભાગના સંદર્ભ-૨ માં દર્શાવેલ ઠરાવની જોગવાઇ અનુસાર નિયમ મુજબ રદબાતલ થયેલ જુના વાહનની અવેજીમાં તે જ પ્રકારનું નવું વાહન ખરીદવાની મંજુરી આપી શકાય છે. પરંતુ અમુક જુના પ્રકારના વાહનોનું ઉત્પાદન બંધ થઇ ગયેલ છે તથા અમુક જુના વાહનોની સરખામણીએ વધુ કરકસર ભર્યા, વધુ સારી સગવડ ધરાવતાં અને નવી ટેકનોલોજીવાળા વાહનો હાલમાં બજારમાં ઉપલબ્ધ છે.

આથી સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ પુખ્ત વિચારણાને અંતે આ વિભાગ હસ્તકની જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતો માટે વાહન ખરીદીમાં એકવાકયતા જળવાય અને ચોકકસ પ્રકારના વાહનો તમામ પંચાયતોને ઉપલબ્ધ બને તેમજ બિનજરૂરી પત્રવ્યવહાર ટાળી શકાય તે હેતુસર સંદર્ભ-૧ માં દર્શાવેલ પરિપત્ર રદ કરવામાં આવે છે અને હવે પછી જયારે પંચાયતના સ્વભંડોળમાંથી વાહન ખરીદવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે નીચે જણાવ્યા મુજબનાં પ્રકારના વાહનો માટે જ દરખાસ્ત કરવા આથી તમામ જિલ્લા પંચાયતો / તાલુકા પંચાયતોને સૂચના આપવામાં આવે છે.

(અ) સ્ક્રેપ વાહન સામે નવા ખરીદવાના થતા વાહનો : -

| ક્રમ | વિગત | તા. ૩-૧૦-૯૬ના ઠરાવ મુજબ વાહનની પાત્રતા | હવે અમલમાં આવતી વાહનની પાત્રતા. |
|---|---|---|---|
| ૧ | જીલ્લા પંચાયત પ્રમુખશ્રી | ટાટા સુમો અથવા એન.ઇ.૧૧૮ | ટાટા સુમો અથવા ટોયેટો કવોલીસ અથવા એમ્બેસેડર |
| ૨ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | કોઇ જોગવાઇ નથી. | ટાટા સુમો અથવા ટોયેટો કવોલીસ અથવા એમ્બેસેડર |
| ૩ | જિલ્લા પંચાયતના વહીવટી કામે વપરાતા વાહનો. | કોઇ સ્પષ્ટ જોગવાઇ નથી. | ડીઝલ સંચાલિત જીપ. |
| ૪ | તાલુકા પંચાયતના વહીવટી કામે વપરાતા વાહનો. | જીપ | મહેન્દ્ર એન્ડ મહેન્દ્રની માર્શલ કે તેને સમકક્ષ ડીઝલ સંચાલિત જીપ. |

(બ) નવા વાહનો ખરીદવા બાબત.

(૧) કેન્દ્રીય સહાય કે વિદેશી ફાળા (સ્કીમ આધારિત) થી ખરીદવાના થતા વાહનો સિવાય દરખાસ્ત સ્વીકારી શકાશે નહી.

(૨) સરકારી ફંડમાંથી જો નવા વાહન કાર્યબોજ-વહીવટી કારણોને આધારે ખરીદવાનું થાય તો નાણાં વિભાગ મારફતે સરકારશ્રીની અનુમતિ અનિવાર્ય બનશે.

(૩) સ્વભંડોળમાંથી નવું વાહન આગામી બે નાણાંકીય વર્ષ સુધી એટલે કે, તા.૩૧-૩-૨૦૦૬ સુધી ખરીદી શકાશે નહી, સિવાય કે દરખાસ્ત નવા રચાયેલ તાલુકા- જીલ્લામાં વાહન ઓછા મળતાં ખરીદી અનિવાર્ય હોય.

આ હુકમ સમાન ક્રમાંકી ફાઇલ પર સચિવશ્રી (વા.વ્ય.), ગૃહ વિભાગની તા.૧૩-૯-૨૦૦૩ અને અગ્ર સચિવશ્રી, નાણા વિભાગની તા.૨૦-૯-૨૦૦૩ ના રોજ મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એસ.એન.દવે )
સંયુક્ત સચિવ,
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ.
ગુજરાત સરકાર

પ્રતિ,

- વિકાસ કમિશ્નરશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર./ ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઇલ,ના.સે.અ.સિલકટ ફાઇલ.